# કોલેજ માં અભ્યાસ કરતા તેમજ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ માટેની અતિ આવશ્યક સુચનાઓ

૧. વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ દ્વારા તેમણે આપવાના થતા www.antiragging.in website પરથી પોતે તથા વાલી દ્વારા અગાઉ અવારનવાર જણાવ્યા છતાં આજદીન સુધી એફીડેવીટ જમાં કરાવેલ નથી. તો તા. ૪/૨/૧૪ ના રોજ હોસ્ટેલમાં થયેલ મીટિંગ ના અનુસંધાનમાં આખરી તાકીદ કરી તા. ૧૦/૨/૧૪ સુધી વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ એ એફીડેવીટ તેમની સહી કરી જમા કરાવવાનું રહેશે.તા. ૧૦/૨/૧૪ સુધીમાં એફીડેવીટ નહિ જમા કરાવનાર વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ પાસેથી પ્રતિદિન રૂા. ૧૦/– લેખે દંડ જયાં સુધી એફીડેવીટ નહિં જમા કરાવે ત્યાં સુધી ભરવાનો રહેશે.વાલીઓ તરફથી આપવાપાત્ર એફીડેવીટ શકય હોય તો તા. ૨૮/૨/૧૪ સુધીમાં જમા કરાવવાનું રહેશે.

૨. Website પર મુકવામાં આવેલ SRC, Hostel તેમજ અન્ય ડીસીપ્લીન રુલ્સ ની વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ પોતાની રીતે માહિતી મેળવી લેવાની રહેશે. અને આ બાબતે વધારે સમજની જરૂર હોય તો સંબધિત અધિકારી ને મળી તેની સમજ મેળવી લેવાની રહેશે.

૩. Veterinary કોલેજની NAU website પર ચારેય યુનિવર્સિટીમાં લાગુ પડતા Veterinary ના Common Academic Rules and Regulation મુકવામાં આવેલ છે. જેનો સઘન અભ્યાસ કરી તે પ્રમાણે કાર્યવાહી કરવાની રહેશે. ખાસ કરીને માંદગી ની રજાની જે સ્પષ્ટતા દર્શાવેલ છે તેનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.

૪. નજીક ના ભુતકાળમાં હોસ્ટેલમાં રહેતા કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા ગેરવર્તણુંક,ગેરશિસ્ત અને ગેરબંધારણીય વર્તન કરી વિદ્યાર્થીઓને હેરાન કરવામાં આવેલ છે.તેવુ ભવિષ્યમાં ન બને તેની ખાસ કાળજી રાખવાની રહેશે. વધુમાં Ragging જેવા બનાવો અત્રેની સંસ્થામાં ન બને તેની કાળજી રાખવાની રહેશે. અને જો Ragging જેવા બનાવો ધ્યાન માં આવશે તો નિયમ મુજબ ગંભીરતાને ધ્યાનમાં રાખી હોસ્ટેલ/કોલેજ/યુનિવર્સિટી છોડી દેવા સુધીની ફરજ પાડવામાં આવશે.

૫. તાજેતરમાં એવુ ધ્યાનમાં આવેલ છેકે કેટલાક સીનિયર વિદ્યાર્થીઓ દ્વારા કેટલાક જુનિયર વિદ્યાર્થીઓની ઓળખાણના નામે ગેરવર્તણુંક બાબતે જુનિયર વિદ્યાર્થીઓ દ્વારા રજુઆત કરવામાં આવેલ છે. આના અનુસંધાનમાં કોઈપણ વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થીની ઓળખાણ લેવાની જરૂરિયાત રહેતી નથી. તેમ છતાં ફકત ઓળખાણ માટે જ બીજા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓને હેરાન પરેશાન કરવામાં આવશે તો તેની સામે પણ નિયમ મુજબની કાર્યવાહી કરવામાં આવશે.

૬. જે તે વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ને જે રૂમ ફાળવવામાં આવેલ છે તે જ રૂમમાં રહી અભ્યાસ કરવાનો રહેશે. બીજા કોઈપણ રૂમમાં અતિઆવશ્યક શૈક્ષણિક કામ વગર બીજાના રૂમમાં પ્રવેશ કરવો નહિં અને બેસવું નહિં.

૭. હોસ્ટેલ પરિસરમાં કોઈપણ પ્રકારની મીટીંગનું આયોજન અધિકારીની પૂર્વ લેખિત મંજુરી વિના કરવું નહિં.

૮. તાજેતરમાં ધ્યાનમાં આવેલ પરિસ્થિતી મુજબ ડાયનીંગ હોલમાં "First come first serve" ના ધોરણે serve કરવામાં આવશે. જેમાં કોઈપણ પ્રકારનું રીર્ઝવેશન ચલાવી લેવામાં આવશે નહિં. વધુમાં ડાયનીંગ હોલમાં સીનીયર વિદ્યાર્થીઓ દ્વારા જુનિયર વિદ્યાર્થીઓ પાસેથી જે કોઈ અપેક્ષા રાખવામાં આવે છે તેવી અપેક્ષા સીનીયર વિદ્યાર્થીઓએ રાખવી નહિં. જો આ બાબતે ફરિયાદ જાણવા મળશે તો તે બાબતે કાર્યવાહિ કરવામાં આવશે.

૯. વિદ્યાર્થી/ વિદ્યાર્થીની દ્વારા જયારે હોસ્ટેલમાં કોઈપણ પ્રકારની અઘટીત ઘટના બને અને ઘટનાની જાણ તેઓને થયા બાદ તુરતજ ઘટનાની જાણ અધિકારી ને સમયસર થતી નથી. તેને કારણે ઘટના મોટું સ્વરૂપ ધારણ કરે છે તેથી કોઈપણ વિદ્યાર્થી/ વિદ્યાર્થીની ને આવી અઘટીત ઘટનાની જાણ થાય તો તેની જાણકારી વિના વિલંબે કોઈપણ સમયે કરવાની રહેશે. આ બાબતે જે વિદ્યાર્થી/ વિદ્યાર્થીની દ્વારા જાણ કરવામાં આવશે તેનું નામ ગુપ્ત રાખવામાં આવશે.

૧૦. નજીકના ભવિષ્યમા હોસ્ટેલ વેલફેર અને લોબી રીપ્રેઝનટેટીવની નીમણુંક મદદનીશ ગૃહપતિ દ્વારા કરવામાં આવશે. આના અનુસંધાને કોઈ વિદ્યાર્થી સ્વયંભુ ફરજ બજાવવાની ઈચ્છા ધરાવતા હોય તો તેમણે પોતાના નામ મદદનીશ ગૃહપતિને આપવાના રહેશે.

૧૧.કલાસરૂમ તેમજ હોસ્ટેલમાં લાઈટ અને પાણીનો સુચારુ ઉપયોગ કરવાનો રહેશે. અને હોસ્ટેલમાં વાહનો પાર્કીંગ શેડમાં જ પાર્ક કરવા અન્યથા નિયમ મુજબ કાર્યવાહિ કરવામાં આવશે.

૧૨. R.O. System બગડી જાય અને રીપેરીંગમાં સમય લાગે એમ હોય તો તેવા સંજોગોમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની તંદુરસ્તીને ધ્યાનમાં રાખી વૈકલ્પિક વ્યવસ્થા કોલેજના ખર્ચે કરવામાં આવશે.આ માટે કામેશ્વર મંદિર પાસેથી પાણી લાવવાની વ્યવસ્થા વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ એ પોતે જ કરવાની રહેશે.

૧૩. ઈલેકટ્રીક ઉપકરણો અને સોલર હિટર અથવા અન્ય કોઈપણ સાધન બગડી જાયતો રીપેરીંગ કરાવવા માટેની જાણ મદદનીશ ગૃહપતિને કરવાની રહેશે.વધુમાં ખૂબ જરૂરી વસ્તુ/ સાધનની જરૂરિયાતની જાણ મદદનીશ ગૃહપતિને કરી ખરીદી કરવાની રહેશે.

૧૪. હોસ્ટેલમાં બનતી કોઈપણ અઘટીત ઘટના માટે જો કોઈ ચોકકસ વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ ના નામ જાણવા મળશે તો તેની સામે કાર્યવાહિ કરવામાં આવશે.અને જો નામ જણાવવામાં ન આવશે તો વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓના પ્રતિનિધિ અને વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓનો સમૂહ જવાબદાર છે એમ જાણી અત્રેથી કાર્યવાહિ કરવામાં આવશે.

૧૫. કલાસરૂમમાં વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓએ કોઈપણ સંજોગોમાં મોબાઈલ વાપરવો નહિં અને કલાસરૂમની જરૂરીયાત માટે ડો. જે.બી.સોલંકી નો સંપર્ક કરવાનો રહેશે.

આચાર્ય